સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

શિક્ષણમંત્રી ગ્રેસ માર્કથી ચઢાવવામાં આવ્યા,
જીત્યા તે અણી ચૂક્યા બાટલા ચઢાવવામાં આવ્યા.
તરી ગયા કેટલાક 'શહેર'ના તરાપે ચઢી -
ડૂબતાને 'મશીન' મદદથી કાઢવામાં આવ્યા...
(મરતાં રમતાં જીત્યા)

હાલ તૂર્ત થૈ,
વૈકલ્પિક વ્યવસ્થા -
ગોઠવી દીધા!

ડગ્યું આસન -
ને ઘટી ગ્યો વિશ્વાસ,
ઓસર્યો જાદુ...

(વિસ્તરણ કે રાજયસભા પછી...)(૨૦૧૯ની ચિંતા)

હાઈકુ

ચિંતન

ભાવ અભાવ વિહીનઃ યઃ તૃપ્તઃ નિર્વાસનઃ બુધઃ ।
ન એવ કિંચિત્ કૃતં તેન લોકદૃષ્ટયા વિકુર્વતા ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક ગીતામાંથી લેવામાં આવેલ છે.

ભાવ-અભાવ-રહિત અને વાસના વિનાનો, તૃપ્ત એવો જ્ઞાની લોકદૃષ્ટિએ કર્મ કરતો લાગે છતાં કંઈ કરતો હોતો નથી.

અહીં જ્ઞાની માટે કહે છે કે તે ભાવ કે અભાવરહિત છે અર્થાત સમ છે અને વાસનારહિત છે. તેને કોઈ જ ઈચ્છા, તૃષ્ણા રહી નથી. છતાં પણ તે રોજિંદા અને વ્યવહારનાં કાર્યો તો કરે જ છે, એટલે બહારથી એમ લાગે છે એને પણ કંઈ ઈચ્છા લાગે છે, ગમા-અણગમા લાગે છે - પરંતુ આંતરિક રીતે એવું નથી. એ પરિતૃપ્ત જ છે. પોતાની તરફથી એ કાંઈ જ કરતો નથી. એ સમગ્ર જીવનને, પ્રવૃત્તિને, એક ખેલ તરીકે, લીલા તરીકે જ લ્યે છે. પરિણામે તેને કોઈ ભાર રહેતો નથી.

જે પોતાનાં કર્તવ્ય નિર્લેપ રહીને કોઈ પણ આશા-અપેક્ષા વિના કરતો તે જ્ઞાની છે.

સુવિચાર

- જિંદગીનું પોતાનું જ એક ગણિત હોય છે, ઉપરવાળાના સરવાળા બાદબાકી સમજવાનું - **જીવન પાથેય**
- માણસની જીભ હાથ કરતાં વધારે અને દિમાગ કરતાં ઓછી ચાલવી જોઈએ તો સફળતા મળે - **વિચારદીપ**
- આફતના મોટા લાગતા પહાડો બરફના બનેલા હોય છે, પરિશ્રમ તેને પીગળાવી દે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુર્ભાગ્ય કરતાં સૌભાગ્ય ને સહન કરવું અઘરું છે, એમાં વધારે ગુણ જોઈએ છે - **હેમંત દેસાઈ**
- અન્ય કેરા દર્દ દેખી જો હૃદયમાં ગમ નથી, તો તમારી જિંદગીમાં જરીયે દમ નથી - **રમેશ પટેલ**
- જેને કરવાપણું બાકી ના રહ્યું, તેને ભોગવવા પણું બાકીના રહ્યું, બંધન ભોકતાથી નથી, કર્તાથી છે - **આમસૂત્ર**
- આજનું ઔષધ : લીલી ચા, સૂંઠ, તજ,લવિંગનો ઊકાળો પીવાથી અજીર્ણ, સંધિ શૂળમાં રાહત થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

વિશ્વના ટોચના ધનપતિ જહોન ડી. રોકફેલર કેલિફોર્નિયાની એક કૉલેજમાં ગયા. એક વર્ગ પાસેથી પસાર થતા હતા ત્યારે વિદ્યાર્થીને વ્યાપાર - વ્યવસાય વિષેની સમજમ આપવામાં આવી રહી હતી. રોકફેલર વર્ગમાં પ્રવેશ્યા અને અચાનક અધ્યાપકની મંજૂરી લઈને એક છાત્રને કહ્યું કે બોડ ઉપર લખી બતાવ કે પ્રોમિસરી - નોટ શી રીતે લખાય છે.

છાત્રએ તરત જ બોર્ડ પર લખ્યું, 'હું આ કૉલેજને દસ હજાર ડૉલર આપવાનો વાયદો કરું છું.'

'હસ્તાક્ષર' - જહોન ડી. રોકફેલર

છાત્રની તીક્ષ્ણ બુદ્ધિથી રોકફેલર એટલા પ્રભાવિત થયા કે તરત જ કૉલેજને એક દસ હજાર ડૉલરનો ચેક આપી દીધો.

રોકફેલર કહેતા કે લોકો પાસેથી કામ લેવાની ક્ષમતા પણ કોફી, ખાંડ, ઈત્યાદિ ચીજોની જેમ ખરીદી શકાય છે એ કહેતા : 'હું આવી ક્ષમતાને વધારે નાણા ચૂકવી ખરીદી લઉં છું.'

પરિપક્વ રાજનીતિનું પરિણામ

તંત્રીસ્થાનેથી...

ગુજરાતના નવા સુકાની તરીકે બેઉ નેતાઓની પુનઃ વરણીથી હવે એની વિકાસયાત્રાને ધારી દિશામાં આગળ વધારવામાં ભારતીય જનતા પાર્ટીને અનુકૂળતા રહેશે. વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાત પ્રદેશ પૂરતા આ બે નેતાઓ જ અગ્રદૂત રહ્યા હતા અને સ્ટારપ્રચારકોની વિશેષ ભૂમિકા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ભજવી હતી. મોદીની વિશાળ જનસભાઓ તથા રોડ શોનું આયોજન કરવામાં પણ પાર્ટીના પ્રાદેશિક સંગઠનને આ બે સિનિયર નેતાઓનું જ માર્ગદર્શન મળતું રહ્યું હતું. સૌથી મહત્ત્વની બાબત એ છે કે સત્તાથી દૂર રહ્યા છતાં કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગેની હૂંસાતૂંસી તથા પોતાના જૂથના કાર્યકર્તાઓન સાચવી લેવાનું વલણ અકબંધ રહ્યું હતું. મહત્ત્વાકાંક્ષી વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને બરાબર ચૂંટણી નજીકના જ દિવસોમાં કોંગ્રેસ છોડાવી પડી એમાં પણ કોંગ્રેસમાં પ્રવર્તતી જૂથબંધી જ જવાબદાર હતી. ભાજપમાં જૂથો હશે એની ના નહીં, પરંતુ એમને પાર્ટીની શિસ્ત જાળવતાં આવડે છે અને દેખીતી રીતે પોતાના કરતાં જુનિયર નેતાની સાથે તથા એના હાથ નીચે કામ કરવામાં પણ હીણપત નથી લાગતી કે આપણે લોકસભાની ચૂંટણીમાં વ્યૂહાત્મક રીતે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરાયેલ નરેન્દ્ર મોદી સાથે પાર્ટીના સિનિયર નેતાઓ રાજનાથ સિંહ, અરુણ જેટલી કે સુષમા સ્વરાજ ખભે ખભો મિલાવી સરકાર ચલાવી રહ્યા છે તે વિશિષ્ટ ઘટનામાં જોયું છે. ગુજરાતમાં આનંદીબેન પટેલને મુખ્યમંત્રી બનાવાયાં ત્યારે એમનાં પહેલાંની મોદી સરકારમાં એમનાં કરતા સિનિયર હતા. એમ છતાં આનંદીબેનની સરકારમાં બીજા નંબરનું સ્થાન લેવામાં એમને કશો કચવાટ નહોતો. આનંદીબેનની સરકારમાં મોડે મોડે સામેલ થયેલા વિજયભાઈ રૂપાણી તો પહેલી જ વાર પેટા ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા હતા. છતાં આનંદીબેનના અનુગામી મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણીના ડેપ્યુટી તરીકે કાર્યરત રહી નીતિન પટેલ શિસ્ત અને સમર્પણનું જ ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. વિજયભાઈ રૂપાણીને સૌરાષ્ટ્રના પ્રતિનિધિ તરીકે બદલાયેલા સંજોગોમાં આગળ મૂકવાનો ચાણક્ય વ્યૂહ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નિવૃત્ત થઈ રહેલાં મુખ્યમંત્રી આનંદીબેનને પણ ચૂંટણી લક્ષી નિર્ણય તરીકે ઉચિત લાગ્યો હતો. બેઉ નેતાઓએ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ૨૦૧૭નો ચૂંટણી જંગ જીતી બતાવ્યો એમાં અલબત્ત, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાઓથી સાનુકૂળ પરિસ્થિતિ સરજાઈ. 'એન્ટી ઈન્કમ્બન્સી' ફૅક્ટર ઉપરાંત પાટીદાર - ઓબીસી - દલિત આંદોલન સામે બેઉ નેતાઓએ બરાબર ઝીંક ઝીલી અને નવ્વાણું બેઠકો સાથે 'કમ્ફર્ટેબલ' બહુમતી મેળવી સત્તા ટકાવી રાખી એનો સરપાવ મેળવવાનો બેઉનો વિશેષાધિકાર પણ હતો. આવી વિપરીત પરિસ્થિતિમાં જો ભાજપના હાથમાં સત્તા સરકી ગઈ હોય તો ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પર તેનો સાનુકૂળ પ્રભાવ પડ્યા વિના ન જ રહેત. આ તમામ બાબતો ધ્યાને લઈ પાર્ટી હાઈ કમાન્ડે બેઉ નેતાઓને મુખ્યમંત્રી અને ઉપમુખ્યમંત્રી તરીકે પુનઃ નિયુક્ત કરવાનું જે ડહાપણભર્યું પગલું લીધું છે તે માત્ર વ્યૂહાત્મક દૃષ્ટિએ જ નહીં બલકે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ યોગ્ય છે. વિકલ્પોની વિચારણા ચાલતી હતી ત્યારે સ્થિર થયેલાં જળમાં બિનજરૂરી વમળો ઊઠવા ઉપરાંત બેઉ હોદ્દેદારોનાં અંગત સમ્માનને ઠેસ પહોંચવાની શક્યતા પણ વરતાતી હતી. યથાસ્થિતિ જળવાતાં ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. મંત્રીમંડળમાં જરૂરી સમીકરણો માંડી દરેક વિસ્તાર તથા જનસમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળશે એવી અપેક્ષા અસ્થાને નથી. નવા સુકાની તરીકે વજુભાઈ વાળાથી લઈ સ્મૃતિ ઈરાની સુધીનાં નામો ચર્ચાતાં રહ્યાં પરંતુ અંતે 'જૈસે થે' વાળી પરિસ્તિતિ જાળવી રાખવામાં જ પાર્ટીના હાઈકમાન્ડને શ્રેય વરતાયું તે એના વરિષ્ઠ નેતાઓની પરિપક્વ અને નિર્ણાયક રાજકીય સૂઝબૂઝનું જ પરિણામ છે. બેઉ મહારથીઓને હાર્દિક શુભેચ્છા !

શિયાળો સૌને ગમે

પ્રકૃતિ દર્શન
પી.એમ. પરમાર

"શિયાળે શીતળ વા વ્હાય, પાન ખરે ઘઉં પેદા થાય,
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ઘરે માવે તંબોળ;
ઘરે શરીર ડગલી શાલ, ફાટે ગરીબતણા પગ ગાલ,
ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત."

શિયાળો એનું કાઢું કાઢી રહ્યો છે. માણસાઈની જેમ ઠંડીનો પારો ઘટી રહ્યો છે. ફૅશનની જેમ વાયરો વહી રહ્યો છે. લાલચ વધતી જાય એ રીતે રાત લાંબી થતી જાય છે અને સંયુક્ત કુટુંબો વિભક્ત થાય એમ દિવસ ટૂંકો થતો જાય છે. હવે માશૂકાની જેમ કૂણો કૂણો તડકો વહાલો વહાલો લાગે છે. મારણ કરેલા સિંહની જેમ રજાઈમાં પડી રહેવું સહજ બની ગયું છે. શિયાળો કોને ના ગમે ? સૌને ગમે. ગમતું મળે તો અલ્યા ગૂજેના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ - ની જેમ મથાળે લખેલી શિયાળા વિશેની અતિ પ્રસિદ્ધ પંક્તિઓ સ્મૃતિપટે છવાઈ જાય, લખાઈ જાય, બોલાઈ જાય અને ગવાઈ જાય!

અડદિયા, શાલમપાક, ગુંદરપાક, મોહનથાળ જેવા વસાણાં ખાવાની તક અને મજા શિયાળો આપી જાય. સિનિયર સિટિઝનો ચમચી ચમચી ચ્યવનપ્રકાશ ખાતા થઈ જાય. જાતજાતના પોંક આ ઋતુમાં ખાવાની હરિફાઈ થાય. બોર, જામફળ, સફરજન, ચણીબોરનું નામ પડતાં જ મ્હોમાં પાણી આવી જાય. ઉનાળામાં અળખામણો બનેલો બાજરીનો રોટલો વ્હાલો લાગવા માંડે છે. રીંગણાંનો ઓળો-રોટલો ખાવા લાઈનો લાગવા માંડે. મેંથીના ગોટા, પાલક ને મૂળા, શાકભાજીનો આખેઆખો અન્નકૂટ લઈ ઘેર ઘેર શિયાળો હાજરાહજૂર થઈ જાય. આ ઋતુમાં જેમ ઉંધિયું ખાધું જ નથી તેને માણસ કહેવો કે કેમ ? એ તમે નક્કી કરજો.

આખા વિશ્વને ઘેલું લગાડનાર, મકરસંક્રાતિ-ઉત્તરાયણ, ઋતુરાજ વસંત, તુલસીવિવાહ, ગીતાજયંતિ, મહાશિવરાત્રી જેવા મહાન ઉત્સવો હેમંત - શિશિરમાં સૌને ધાબળા-સ્વેટર જેવી ઉષ્મા આપી આનંદ કરાવી જાય. યાદ રહે આનંદ શબ્દોનો કોઈ વિરોધી શબ્દ જ નથી. બિલાડીના ટોપની જેમ ઠેરઠેર - ઘેરઘેર તાપણીની આજુબાજુ આબાલવૃદ્ધ અને પેલાં ગલુડિયાં ગોઠવાઈ જાય. આરતીની આશકાની જેમ વટેમારગુઓ પણ હાથપગ ગરમ કરતા જાય. શિયાળો એટલે દૂર થયેલાંને નજીક લાવવાની ઋતુ. નજીક એટલાં થાય - આવે કે પછી દૂર જવાનું નામ જ ના લે... દૂરિયાં નજદીકયાં બન ગઈ, અજીબ ઈત્તફાક હૈ... ગીત તાજું થઈ જાય.

ચોમાસામાં તાજું ઘાસ ચોમેર ફૂટવા લાગે તેમ શિયાળામાં વ્યાયામવીરો પ્રગટ થવા લાગે છે. યુદ્ધમાં યોદ્ધાને યુદ્ધ કરવાનું શૂર ઉપડે તેમ સૌને કસરત કરવાનું; દોડવાનું, ચાલવાનું ઝનૂન ઉપડે છે પણ બેસતા વરસે રોજ વહેલા ઊઠી ચાલવા-દોડવાના સંકલ્પો લેનારાની સંખ્યા ઝાડ ઉપરથી પાકટ ફળો પડતાં ફળોની સંખ્યા ઘટે તેમ ક્રમશઃ ઘટવા લાગે છે પછી તો જો જીતા વો સિકંદર. શરીર સૌષ્ઠવ માટે શિયાળા જેવી બીજી કોઈ ઉત્તમ ઋતુ નથી.

ચરોતરનો ચબરાક ખેડૂત શિયાળામાં જેમ તમાકુનો રોકડિયો પાક કરી આખા વર્ષની કમાણી એક જ સિઝનમાં કરી લે તેમ પહેલું સુખ તે જાતે નર્યા - કહેવત ભલીભાંતિ સમજનારા સૌ કોઈ આ શિયાળાની એક જ ઋતુમાં વિવિદ પાક અને વ્યાયામ દ્વારા આખા વરસની તંદુરસ્તીનું ભાથું રોકડું કરી જ લે છે. મોબાઈલમાં વોટ્સએપ દ્વારા ઉપરાઉપરી ધડાધડ સંદેશાઓ પડવા લાગે તેમ ભૂખ લાગે છે; રિચાર્જ વખતે બેટરી ગરમાવો પકડે તેમ જઠરાગ્નિ પ્રદીપ્ત થવા લાગે છે. ગૂગલમાં જે શોધો તે મળી જાય છે તેમ શિયાળામાં હોજરીમાં જે નાખો તે પચી જાય છે. ખાઓ, પીઓ ઔર મોજ કરો - એ શિયાળાનો સ્વાસ્થ્યમંત્ર બની જાય છે.

દાઢી-હડપચી થરથર કાંપે અને ઉપર - નીચેના દાંતનો કડકડ અવાજ સંભળાય તેવી

અનુસંધાન પાના નં. ૭ પર

કોંગ્રેસની મોટી અને ભાજપાની નાની જીતનું મનોમંથન

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતની ચૂંટણીઓના પરિણામો ધાર્યા મુજબ જ આવ્યા. વળી આ પરિણામોએ એ પણ સાબિત કરી આપ્યું છે કે હવે ગુજરાતની પ્રજા જાગ્રત બની છે કારણ કે પ્રજા હજી કોંગ્રેસને લાવવા ઈચ્છતી નહોતી અને ભાજપને પાઠ ભણાવવા માગતી હતી. અને તે મુજબ થયું. ભાજપા ભલે બહારથી જીતની ખુશી મનાવતો હોય પણ અંદરખાને તો એ પણ જાણે છે કે આ જીત કેવી રીતે મળી છે. આ જીતની પાછળ હારના પદચિહનો છે. કેમ કે લોકપ્રિય વડાપ્રધાન અને કેન્દ્રીય મંત્રીઓના પ્રચારના વાવાઝોડાને કારણે જીત તો મળી ગઈ પણ આ જીતમાંથી જો નમોને કાઢી નાખવામાં આવે તો ? આજે નમો વિનાની જીતની કોઈ નેતા કલ્પના પણ કરી શકે એમ નથી. ખરેખર તો આ જીત ખુશ થવા માટે નથી પણ આત્મમંથન કરવા માટે છે. પ્રજાએ ફરીથી એક વખત તક આપી છે. આ પાંચ વર્ષમાં ભાજપા જો નમોનો વિકલ્પ ગુજરાતમાં ઊભો નહી કરી શકે તો આવતી ચૂંટણીમાં ઘેર બેસવાનો વારો આવી શકે છે.

આ ચૂંટણીઓમાં આમ જોઈએ તો કોંગ્રેસની જીત થઈ છે. એ હારીને પણ જીતી ગઈ છે અને ભાજપા જીતીને હારી ગઈ છે એમ કહી શકાય. કોંગ્રેસની જીત એ કોઈ મોટા નેતાને આભારી નથી. કેમ કે એ સૌ તો ચૂંટણી હારી ગયા છે. આ તો સારું થયું કે કોંગ્રેસની બહુમતિ ના આવી નહિતર મુખ્યમંત્રી કોને બનાવવા એ જ મોટો પ્રશ્ન ઊભો થાત. શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલની હારથી કોંગ્રેસ પ્રજાએ આપેલો મોટો અને ગર્ભિત બોધપાઠ શીખે તો સારું છે. કેમ કે તેમને મળેલી ૮૦ સીટો એ એમની તાકાત કે લોકપ્રિયતાને કારણે નહી પણ ભાજપાના વિરોધને કારણે મળી છે. કેમ કે આ વખતે પ્રજાનો મોટો સમૂહ આ સરકારને બદલવા ઈચ્છતો હતો. આ તો કોંગ્રેસે થોડી ભૂલો કરી અને નેગેટિવ પ્રચાર કર્યો અને નમોનું વાવાઝોડું છેલ્લે છેલ્લે ફરી વળ્યું એટલે ભાજપા બચી ગઈ. નહિતર આ વખતે જ પરિણામો જુદા હોત. જો કે આ જીતથી કોંગ્રેસ પ્રજાનો વિશ્વાસ જીતી છે એવું પણ નથી. ભાજપા જ્યા જ્યા પ્રજાનો વિશ્વાસ ગૂમાવી ચૂકી છે ત્યાં ત્યાં કોંગ્રેસને લાભ મળ્યો છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ સરકાર બનાવવાની અમૂલ્ય તક ગૂમાવી ચૂકી છે. કેમ કે ચૂંટણી અગાઉ વ્યવસ્થિત પ્લાનિંગનો અભાવ, યોગ્ય ઉમેદવારોની પસંદગીમાં થયેલી ગરબડ, અને અંદરની જૂથબંધી. નકારાત્મક રાજનીતિ પ્રચાર એને ભારે પડ્યો. વળી ગુજરાતમાં નરેન્દ્ર મોદીની 'નીચ' જેવા હલકા શબ્દોમાં કરેલી ટીકા પણ કોંગ્રેસની હારનું એક કારણ બની. જેનો પુરો ફાયદો નમોએ ઉઠાવ્યો એને ગુજરાતની અસ્મિતા સાથે જોડીને પ્રજાને સંવેદનશીલ બનાવીને મતો લીધા. રાહુલજી એ ભૂલી ગયા કે અહીં નમો છેલ્લા ૨૨ વર્ષથી રાજ કરે છે. એમની લોકપ્રિયતા અહીં હજીએ અકબંધ છે. અને એ ગુજરાતમાં આવીને કોઈના કહેવાથી નમો ઉપર ગમે તેવા આક્ષેપો મૂકો, પ્રહારો કરો તો પ્રજા વિમૂખ થવાની જ. નમોને નિશાન બનાવ્યા એના કરતા ગુજરાતના ભાવિ વિકાસની વાત, યોજનાઓની વાત, નવા સ્વપ્નોની વાત કરી હોત, નમોના કેન્દ્ર લેવલે થયેલા એકાદ બે સારા કામોની સારી રીતે નોંધ લીધી હોત તો પ્રજા ઉપર એની સારી અસર પડેત કેમ કે પ્રજા હંમેશાં પોઝિટીવ રાજનીતિ ઈચ્છે છે.

રાહુલ ગાંધીએ આ વખતે ખુબ સારી મહેનત કરી પણ એમની આસપાસના બીજા સલાહકારોની દોરવણીથી તેઓ ગેરમાર્ગે દોરાયા. વારંવાર અચાનક મંદિરોની મુલાકાતો લેવી, જનોઈ પહેરવી, લાંબા તિલકો કરવા, આ હિંદૂત્વની ઓળખ બનાવવા પ્રયત્નો થયા પણ પૂર્ણ બહુમતિ ના અપાવી શક્યા. નહિતર પ્રજા આ વખતે પરિવર્તનના મૂડમાં જ હતી. પણ કોંગ્રેસેય જ્ઞાતિ - જાતિવાદ, ભ્રષ્ટાચાર અને ધર્મના મુદ્દાઓ લઈને સભાઓ ગજવતી રહી જે અસફળ રહ્યા. સૌ પ્રથમ તો કોંગ્રેસે અગાઉના ૬૦ વર્ષના કેન્દ્રીય શાસનમાં કરેલા ભ્રષ્ટાચારોની છવિ બદલવી પડશે.વળી કોઈની લીટી ભૂંસીને પોતાની લીટી મોટી કરવી એના કરતા પોતાની જ લીટી મોટી કરવાની આદત પાડવી પણ જરૂરી છે. કોંગ્રેસની બીજી એક ભૂલ એ રહી કે આ વખતે પણ એને પોતાની તાકાતમાં શ્રદ્ધા ઓછી રહી. એથી એણે જ્ઞાતિવાદી યુવા નેતાઓનો સહારો લેવો પડ્યો. તે પણ પ્રજાને ગમ્યું નથી. હાર્દિકે ભીડ ખુબ ભેગી કરી પણ એ મતોમાં પરિવર્તિત ના કરી શક્યો. હવે પ્રજા પણ વિચારતી થઈ છે. એ ગમે તેના પ્રભાવમાં આવીને ગમે તેને મત આપી દે એવી રહી નથી. કોંગ્રેસને છેક ૮૦ સુધી પહોંચાડીને ૧૩ બેઠક માટે રાખી દીધી અને જે ભાજપ ૧૫૦ની વાતો કરતો હતો તેને માત્ર ૯૯ એ લાવીને આ ૨૨ વર્ષમાં કરેલા વિકાસની સામે એક મોટો પ્રશ્ન ચિહન લગાવી દીધો. તેથી મારી દૃષ્ટિએ ભાજપાએ જીતવાના જશ્ન કરતા આટલી ઓછી સીટો આવવાના કારણો શોધવાની જરૂર છે. કેમ કે જો પ્રજા પાસે સહેજેય ત્રીજો વિકલ્પ હોત કે કોંગ્રેસ પૂરી પ્લાનિંગ સાથે ધીરજ સાથે અને પરિપક્વ બનીને પ્રજા સામે આવી હોત તો આજે પરિણામો કંઈક જુદા હોત. આ ચૂંટણીમાં સૌથી મોટો ફાયદો થયો હોય તો તે રાહુલ ગાંધીને થયો છે. તેમની પરિપક્વતા અને પીઢતા પ્રજા સામે આવી, એક રાજનીતિક વ્યક્તિ તરીકેની સ્વીકૃતિ તેમને મળી છે. ગુજરાતની પ્રજા અને આખા દેશની પ્રજા હવે તેમની પાસેથી ભવિષ્યમાં કંઈક અપેક્ષા રાખતી થશે. રાહુલે ખુબ શાલિનતાથી ગુજરાતમાં વાતો કરી પણ બીજા કોંગ્રેસીઓ એમનું અનુકરણ ના કરી શક્યા. કોંગ્રેસના ગળા સુધી આવેલો કોળિયો પાછો જતો રહ્યો.

હવે આ પાંચ વર્ષ ભાજપાનું ભાવિ નક્કી કરશે કે આ છેલ્લા પાંચ વર્ષ રહેવું છે કે આવતા બીજા ૨૨ વર્ષ રાજ કરવું છે ? જો હવે આ ચૂંટાયેલા નેતાઓ પ્રજાનો વિકાસ નહીં કરે તો ગુજરાતમાં આ છેલ્લી ભાજપની સરકાર હશે. કેમ કે અહીં તો સૌ કોઈ જાણે છે કે આ વખતની ચૂંટણીમાં 'વિકાસનો મુદ્દો' કામની વાત તો થઈ જ નથી. આતંકવાદી, પાકિસ્તાન, રામ મંદિર, જાતિ - જ્ઞાતિનું ઝેર, વંશવાદ, હિંદુત્વવાદ અને નિમ્નસ્તરની ભાષા - આ ચૂંટણીના મુખ્ય મુદ્દાઓ રહ્યા. બહારથી ૧૫૦ બેઠકની વાતો કરનાર ભાજપાને પણ આ વખતે અંદરથી થોડો ડર તો હતો જ એટલે તો આખું દિલ્હી ગુજરાતમાં ઠલવાયું હતું. વડાપ્રધાનશ્રી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી તથા અનેક કેન્દ્રીય મંત્રીશ્રીઓએ અનેક સભાઓ, રેલીઓ, મિટિંગો યોજીને પ્રજા પાસે ગયા છે. જો સૌ કહે છે એવો વિકાસ કર્યો હોય તો આટલો બધો પ્રચાર કરવાની જરૂર જ ના પડે, જ્યારે કામ ના બોલે ત્યારે નેતાએ બોલવું પડે છે. અત્યંત મોંઘુ બનતું શિક્ષણ, વધતી જતી બેરોજગારી, જીવન જરૂરીયાત વસ્તુઓનો વધતો ભાવવધારો, ભરતીમાં થતો ભ્રષ્ટાચાર, ફિક્સ પગારની નોકરી દ્વારા થતું શોષણ,... આ બધા પ્રશ્નો સંદર્ભે તો કોઈ વાત જ થઈ નથી. માત્ર એકબીજાની ઉપર સાચા ખોટા આક્ષેપો કરીને આ ચૂંટણી પૂરી થઈ છે. તેથી હવે જો ૨૦૨૨ની ચૂંટણી ભાજપાએ જીતવી હશે તો સામાન્ય જનતાને લાભ થાય એવા કામો કરવા પડશે. વિકાસ નેતાઓ કે એમના પરિવારોનો કે એમના સગા સંબંધીઓનો નહી પણ પ્રજાનો કરવો પડશે નહિતર પ્રજા કોંગ્રેસની ૮૦માંથી ૯૩ કરતા સહેજેય વાર નહી લગાડે. કોંગ્રેસને ૮૦ સુધી પહોંચાડીને પ્રજાએ ભાજપાને એક જાતની ખુલ્લી ચેતવણી જ આપી છે. આ વખતે ભાજપા વિશે એક નેગેટિવ વાત ચારે દિશામાં વહેતી થયેલી કે બધાને અહમ આવી ગયો છે. આખી સરકાર અહંકારમાં ચાલે છે. સચિવાલયોમાં કે ઓફિસોમાં પ્રજાના કામ થતા નથી. પ્રજાના મતે ચૂંટાઈને પ્રજાના સેવક બનવાને બદલે નેતાઓ પ્રજાના રાજા બની બેસે છે. એવી છાપ પ્રજાના માનસમાંથી ભૂંસવી પડશે. નહિતર ૨૦૨૨ની ચૂંટણીમાં કોંગ્રેસ પણ તાકાતવર હશે અને એક ત્રીજો વિકલ્પ પણ સક્ષમતાથી સામે ઊભો હશે. તેથી પ્રજા હવે માત્ર આ પાંચ વર્ષનું સરકારનું કામ જ જોશે. કેમ કે હવે નમોનું બ્રહ્માસ્ત્ર કામ નહીં આવે. અને જો આ પાંચ વર્ષ ખરેખર કામ થયું - વિકાસ થયો - પ્રજાના પ્રાણપ્રશ્નો દૂર થયા તો આવતા બીજા ૨૨ વર્ષ સુધી ભાજપાને કોઈ ઉખેડી શકશે નહીં એ પણ સત્ય છે. વંદે માતરમ...

- 9426060601.india@gmail.com

ના 'વિકાસ'ની...ના 'નવસર્જન'ની, આ જીત છે ડાહ્યા મતદારોની ..!

રગળપાટ
અજય ઉપાધ્યાય

જ્યારથી મોદી એ ગુજરાતની ધુરા સંભાળેલી ત્યારથી ગુજરાત આમેય આખાયે દેશનું 'નજર જમાયે રખના' વાળું રાજ્ય બન્યું છે અને એમાયે જયારે મોદી વગર ગુજરાત વિધાનસભાની ચૂંટણી થવા જઈ રહી હોય ત્યારે સ્વાભાવિક છે કે આખાયે દેશને એ જાણવામાં વધુ ઇન્તેઝારી હોય જ કે મોદીનું 'ગુજરાત મોડેલ' મોદી વગર કેટલું સફળ છે. એમાયે જાતજાતના આંદોલનોથી પરેશાન ગુજરાત ભાજપ સરકારને 'પાડી દેવામાં' કોંગ્રેસને હાર્દિક, અલ્પેશ અને જીગ્નેશ જેવાઓનો વણમાંગ્યો સહકાર મળ્યો ત્યારથી દેશ તો ઠીક પણ આખીયે દુનિયાની નજર ગુજરાત વિધાનસભાના પરિણામો પર હતી જ. દેશ અને દુનિયામાં પોતાની અલગ જ શાખ બનાવી ચુકેલા મોદીસાહેબ માટે આ કોઈ અગ્નિપરીક્ષાથી કમ નહિ તો લગાતાર હારતા રહેલા કોંગ્રેસ પક્ષ અને એમના એકમાત્ર નેતા રાહુલ ગાંધી માટે સત્તા પર 'કમબેક' થવા માટેની તક હતી. પણ અફસોસ કે મોદી હોય કે રાહુલ, ભાજપ હોય કે કોંગ્રેસ બંને ગુજરાત વિધાનસભાના પરિણામોમાં 'ગ્રેસ માર્કસે' પાસ થયા એમ કહી શકાય..! તો પછી પરીક્ષામાં પાસ થયું કોણ ?

'જો જીતા વોહી સિકંદર ' આવું ભાજપ માટે કહી શકાય કેમકે સત્તાની ટ્વેન્ટી ટ્વેન્ટી એમણે નેરો માર્જીનથી જીતી લીધી છે પણ એ નેરો માર્જીનની પાછળ છુપાયેલ વાઈડ મિસ્ટેકસ જો નહિ સુધારે તો ૨૦૨૨ તો દૂરની વાત છે પણ ૨૦૧૯ માં જ મોદી અને ભાજપનો અશ્વમેધ એટલીસ્ટ ગુજરાતમાં અટકી પડવાનો એ નક્કી છે. પોલીટીક્સ નો વણલખ્યો નિયમ છે કે જો તમે ભૂલોનું પુનરાવર્તન કરતા રહો તો સત્તાથી હાથ ધોઈ બેસો. મોદીના દિલ્હીગમન પછીથી લોકલ નેતાઓએ એક પછી એક ભૂલો કરવાનું શરુ કરી દીધેલું જે ધીમે ધીમે પ્રજામાં રોષ, તિરસ્કાર કે ઉદાસીનતાની લાગણીમાં ફેરવાતું હતું. મોટાભાગના ભાજપ નેતાઓ પ્રજા વચ્ચે સરકારની કામગીરી પહોચાડવામાં ઉદાસીન રહ્યા અને ઉપરથી વિવિધ આંદોલનોનો ત્વરિત ઉકેલ લાવવામાં નિષ્ફળ રહ્યા જેનો લાભ લેવાનું કોંગ્રેસને મન થયું. એમાં કોંગ્રેસનો પણ વાંક નથી કેમકે રાજકારણમાં એકની નબળાઈ બીજા પક્ષ માટે ' પ્લસ પોઈન્ટ ' બનતી જ હોય છે.

કોંગ્રેસ કી બાત હી નીકલી હૈ તો મુલાયઝા ફરમાઈએ કે ભલે કોંગ્રેસ અને રાહુલ એમ કહીને સંતોષ માનતા હોય કે અમે અમારું પ્રદર્શન સુધાર્યું છે પણ હકીકત એ છે કે આ વખતે કોંગ્રેસને સત્તાવાપસીનો ગોલ્ડન ચાન્સ હતો. હાર્દિક એન્ડ કંપનીએ મતોનું સારું એવું વિભાજન કરવાનું શરુ કરી દીધેલું ઉપરાંત અત્યાર સુધી એકલે હાથે લડતી કોંગ્રેસને આ વખતે બીજા ત્રણ હાથોની મદદ હતી અને ખાસ તો આ વખતે સાચા અર્થમાં કોંગ્રેસે આક્રમક પ્રચાર પણ કરેલો. એટલું જ નહિ પણ રાહુલે પણ મદિર-મંદિર અને ધાબા-હોટેલ જેવા એકેય સ્થળ મતદારોને રીઝવવા અને લોભાવવા માટે છોડ્યા નહોતા એવામાં મારા હિસાબે કોંગ્રેસ ફેઈલ થઈ ગણાય કેમકે ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષોમાં સરકાર વિરુદ્ધ આટલું વાતાવરણ પહેલી વાર જોવા મળેલું, ખેડૂતો-યુવાનો-વેપારીઓ અને પાટીદારો આ બધા જ સરકાર વિરુદ્ધ મોરચા માંડતા હતા અને એવામાં સ્વયમ પ્રજા તરફથી આટલી આડકતરી-પરોક્ષ અને ઘણી બધી જગ્યાએ સીધી મદદો છતાં પણ કોંગ્રેસ આ 'એન્ટી ઈન્કમબન્સી' નો લાભ લેવામાં સદંતર નિષ્ફળ નીવડી-પ્રજાને ભરોષો આપવામાં નિષ્ફળ નીવડી એ હકીકત છે, અને સાથે સાથે એ પણ હકીકત છે કે જે પ્રમાણે ભાજપ આ 'નોટ આઉટ